/

PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# <u>ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર</u>

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

**CIN:U40102GJ2003SGC042908 website : <u>www.pgvcl.com</u> ઈ–મેઈલ :– <u>forum.pgvcl@gebmail.com</u>**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૯/કવા–૦૧/૧૭–૧૮/ ૫૬૭૪ તા.૧૨/૦૭/૧૭

<u>રજી. એડી પત્ર</u>

પ્રતિ,
પિતાંબરભાઈ દાનાભાઈ ચાવડા,
ગામ: શાપર (વેરાવળ),
<u>શિવ સીનેમા સામે, પાવર ફોર્જીંગ બાજુમા</u>
<u>ગામ : શાપર (વેરાવળ), તા. કોટડા સાંગાણી,</u>
<u>જી: રાજકોટ</u>
પીનકોડ– ૩૬૦૦૨૪
મો: ૯૫૫૮૬૬૭૨૦૧

**વિષય :–ફોલ્ટી મીટર ના વીજબીલ બાબત**
<u>સંદર્ભ:– આપની અરજી , તા. ૨૭–૦૫–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૪૯/કવા–૦૧/૧૭–૧૮ )</u>

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.–૩..)

<u>નકલ રવાના :</u>
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ
(૩) <u>નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, લોધીકા</u>

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 06 / A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૪૯/ક્વા–૦૧/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૧૧–૦૭–૧૭ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: પિતાંબરભાઈ દાનાભાઈ ચાવડા, ગામ: રાજકોટ

રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, લોધીકા (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ)

રજુઆત કરનાર :એમ.જે.લાલકીયા (કાર્યપાલક ઈજનેર શ્રી ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ)

: હુકમ :

ફરીયાદ : ફોલ્ટી મીટર ના વીજબીલ બાબત

મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૩૩૪૦૭/૦૩૩૪૭/૮ મા ''માહે એપ્રીલ – મે– ૧૭ નુ – ૨૮૦ યુનીટ ( હાલ ના ૮૬૩૩ પાછલા ૮૬૩૩) એમ મીટર મા આંકડા ચડતા ન હોય – તેવી બીલ મા કરાયેલ નોંધ વાળુ, ૨૮૦ યુનીટ નુ, ફોલ્ટી મીટર સ્ટેટસ હેઠળ નુ, રૂ.૧,૬૧૧/૮૨ નુ બીલ અપાયેલ છે. '' જે, તેઓના જોડાણ ના વપરાશી વીજભાર અને અપાયેલ પ્રતિ બીલ સરેરાશ યુનીટ કરતા ઘણુ જ વિશેષ હોય, સદર બીલ ને પીજીવીસીએલ ના નિયમાધીન પ્રક્રીયા હેઠળ આવરી લઈ, અને ન્યાયિક રીતે મુલવવા,અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૩૩૪૦૭/૦૩૩૪૭/૮ મા ''માહે એપ્રીલ – મે– ૧૭ નુ – ૨૮૦ યુનીટ ( હાલ ના ૮૬૩૩ પાછલા ૮૬૩૩) એમ મીટર મા આંકડા ચડતા ન હોય – અવાચ્ય રીડીંગ જણાયેલ હોય, તેવા સંજોગોમા, નામદાર ગુજરાત ઈલેક્ટ્રીસીટી રેગ્યુલેશન કમીશન ના નોટીફિકેશન નં.: ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૬.૫૮ મા કરાયેલ માર્ગદર્શક જોગવાઈ મુજબ, '' ફોલ્ટી મીટર સ્ટેટસ હેઠળ ના ૨૮૦ યુનીટ ની રકમ રૂ.૧,૬૧૧/૮૨ નુ, તા.૨૬–૦૫–૧૭ ના રોજ '' બીલ અપાયેલ છે. સદર બીલ મા, મીટર રીડર ના રીમાર્કસ, ' ' મીટર ના આંકડા ફરતા નથી, તે મુજબ ની નોંધ ના આધારે, ''પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, ફરીયાદી અરજદાર શ્રી ના સદર જોડાણ નુ, એલએન્ડટી કંપની નુ મીટર નંબર: ૧૦૧૯૫૬૪, જે તા.૧૭–૦૬–૧૭ ના રોજ, સ્થળ પર થી ઉતારી અને પેપર પેક કરાયેલ હતુ. આ સમયે, મીટર મા, '' અવાચ્ય રીડીંગ '' ની સ્થિતી હતી. અને જોડાણ મા, ૧.૮૪૦ કીવો નો વીજભાર જોડાયેલ હતો. આ સમયે, તા.૧૭–૦૬–૧૭ ના રોજ, નવુ એચપીએલ કંપની ના મીટર નંબર: ૩૨૪૮૩૩૦, જે શરૂઆતના ૦૦૦૦૨ રીડીંગ થી લગાડવામા આવેલ હતુ. |
| ૨.૨ | આમ, ઉપરોક્ત મુદદા નં.૨.૧ મુજબ ની વિગતે નુ, જુનુ એલએન્ડટી કંપની નુ મીટર નંબર: ૧૦૧૯૫૬૪, જે અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા, તા.૨૩–૦૬–૧૭ ના રોજ, લેબોરેટરી મા ચકાસણી કરવામા આવેલ હતુ. લેબોરેટરી ચકાસણી દરમ્યાન, '' સદર મીટર ને – બેટરી મોડ સપ્લાય આપતાપણ – ડીસ્પ્લે મળેલ ન હતો, અને એ મુજબ લેબોરેટરી ચકાસણી દરમ્યાન, સદર મીટર ને – ક્ષતિગ્રસ્ત જાહેર કરાયેલ છે. '' |

| | |
|---|---|
| **૨.૩** | આમ, ઉપરોક્ત મુદદા નં.૨.૨ મુજબ ની વિગતે નુ, અરજદાર શ્રી ના સદર ઘરવપરાશ વીજજોડાણ નં.: ૩૩૪૦૭/૦૩૩૪૭/૮ વાળુ, જુનુ સવાલવાળુ એલએન્ડટી કંપની નુ મીટર નંબર: ૧૦૧૯૫૬૪, જે ક્ષતિગ્રસ્ત જાહેર થયેલ હોય, ક્ષતિગ્રસ્ત મીટર ના, સ્થળ પર ની હૈયાતી ના સમયગાળા નુ બીલીગ, જે નામદાર ગુજરાત ઈલેક્ટ્રીસીટી રેગ્યુલેશન કમીશન ના નોટીફિકેશન નં.: ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૬.૫૮ મા કરાયેલ માર્ગદર્શક જોગવાઈ મુજબ, '' જોડાણ મા તાંત્રીક રીતે યોગ્ય એવા મીટર ના સમયગાળા મા, અગાઉ ના ૦૩ બીલીગ મા નોંધાયેલ વાસ્તવિક યુનીટ રીડીગ ને આધારે – પ્રતિ બીલ સરેરાશ યુનીટ મુજબ નુ બીલીગ કરવાની જોગવાઈ, પીજીવીસીએલ મા પ્રવર્તમાન છે. જેથી, ફરીયાદી અરજદાર શ્રીને, ફોરમ સમક્ષ ની સવાલવાળી ફરીયાદ મા દર્શાવ્યા મુજબ નુ, તેમના જોડાણ મા અપાયેલ એવુ સવાલવાળુ, વીજબીલ – જે સવાલવાળા ફોલ્ટી મીટર ની હૈયાતી ના સમયગાળા નુ હોય– જેથી, ફોલ્ટી મીટર સ્ટેટસ હેઠળ નુ બીલીગ કરવાની બાબત, નિયમાધીન હોય, અને જોડાણ મા, મીટર ઉતાર્યા પહેલાના – તાંત્રીક રીતે યોગ્ય એવા મીટર ના સમયગાળા ના, ૦૩ બીલીગ દરમ્યાન, સ્થપાયેલ ખરેખર વાસ્તવિક યુનીટ અન્વયે ની પ્રતિ બીલીગ સરેરાશ, જે ૨૮૦ યુનીટ ની થતી હોય, આ નિયમાધીન બાબત ને આનુષાંગીક રહીને, અરજદાર શ્રી ને અપાયેલ સવાલવાળુ માહે એપ્રીલ – મે– ૧૭ નુ, ફોલ્ટી મીટર સ્ટેટસ હેઠળ ના, ૨૮૦ યુનીટ ની રકમ રૂ.૧,૬૧૧/૮૨ નુ, તા.૨૬–૦૫–૧૭ ના રોજ '' બીલ અપાયેલ વીજબીલ યોગ્ય હોવાનો અભિપ્રાય, અત્રેથી ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ સવાલવાળુ માહે એપ્રીલ – મે– ૧૭ ના, ફોલ્ટી મીટર સ્ટેટસ હેઠળ ના, ૨૮૦ યુનીટ ની રકમ રૂ.૧,૬૧૧/૮૨ નુ, તા.૨૬–૦૫–૧૭ ના રોજ ના બીલ ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૩૩૪૦૭/૦૩૩૪૭/૮ નુ સવાલવાળુ એલએન્ડટી કંપની નુ મીટર નંબર: ૧૦૧૯૫૬૪ , જે તા.૧૭–૦૬–૧૭ ના રોજ સ્થળ પર થી પેપર પેક સ્થિતી હેઠળ ઉતારી અને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે તા.૨૩–૦૬–૧૭ના રોજ, અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા, લેબોરેટરી મા ચકાસણી કરવામા આવેલ હતુ. લેબોરેટરી ચકાસણી દરમ્યાન સદર મીટર ક્ષતિગ્રસ્ત જાહેર થયેલ છે. |
| **૩.૨** | આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે નુ મીટર ક્ષતિગ્રસ્ત જાહેર થયેલ હોય, ક્ષતિગ્રસ્ત મીટર ના, સ્થળ પર ની હૈયાતી ના સમયગાળા નુ બીલીગ, જે નામદાર ગુજરાત ઈલેક્ટ્રીસીટી રેગ્યુલેશન કમીશન ના નોટીફિકેશન નં.: ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૬.૫૮ મા કરાયેલ માર્ગદર્શક જોગવાઈ મુજબ – '' જોડાણ મા તાંત્રીક રીતે યોગ્ય એવા મીટર ના સમયગાળા મા, અગાઉ ના ૦૩ બીલીગ મા નોંધાયેલ વાસ્તવિક યુનીટ રીડીગ ને આધારે – પ્રતિ બીલ સરેરાશ યુનીટ મુજબ નુ બીલીગ કરવાની જોગવાઈ ને આનુષાંગીક રહીને, પીજીવીસીએલ તરફથી, આ જોડાણ મા, મીટર ઉતાર્યા પહેલાના – તાંત્રીક રીતે યોગ્ય એવા મીટર ના સમયગાળા ના, ૦૩ બીલીગ દરમ્યાન, સ્થપાયેલ ખરેખર વાસ્તવિક યુનીટ અન્વયે ની પ્રતિ બીલીગ સરેરાશ, જે ૨૮૦ યુનીટ ની થતી હોય – આ નિયમાધીન બાબત ને આનુષાંગીક રહીને – અરજદાર શ્રી ને જે સવાલવાળુ માહે એપ્રીલ – મે– ૧૭ નુ, ફોલ્ટી મીટર સ્ટેટસ હેઠળ ના, ૨૮૦ યુનીટ ની રકમ રૂ.૧,૬૧૧/૮૨ નુ, તા.૨૬–૦૫–૧૭ ના રોજ નુ, જે બીલ પીજીવીસીએલ તરફથી અપાયેલ છે, તે વીજબીલ નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે ના, પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય હોવાનો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

<u>મુદ્દા નં.-૪ :</u>

## <u>હુકમ</u>

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગત ને આનુષાંગીક રહીને, મુદ્દા નં.૩.૨ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ને તેમના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૩૩૪૦૭/૦૩૩૪૭/૮ મા, પીજીવીસીએલ તરફથી, જે સવાલવાળુ માહે એપ્રીલ – મે– ૧૭ નુ, ફોલ્ટી મીટર સ્ટેટસ હેઠળ નુ, ૨૮૦ યુનીટ ની રકમ રૂ.૧,૬૧૧/૮૨ નુ, તા.૨૬–૦૫–૧૭ ના રોજ નુ, જે બીલ અપાયેલ છે, તે વીજબીલ નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે ની જોગવાઈ ને આનુષાંગીક એવા પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય હોવાની, અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ, અરજદાર શ્રી ને જાણકારી આપવા બાબતે નો હુકમ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.